દાવો રજૂ કર્યા તારીખ : ૨૫/૦૨/૨૦૨૨

દાવો દાખલ કર્યા તારીખ : ૨૫/૦૨/૨૦૨૨

દાવો ફેસલ કર્યા તારીખ : ૨૮/૦૪/૨૦૨૬

સમયગાળોઃ ૦૩ –દિવસ, ૦૨ –માસ, ૦૪ –વર્ષ

**કોડીનારના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ એન્ડ એડી.ચીફ.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ, કોડીનાર, (જી.ગીર સોમનાથ).**

COMM. CS.No-06/2024
EXH.

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
સબ ડીવીઝન નં.૨ વેરાવળ રોડ,કોડીનાર
(નાયબ ઈજનેર તે હોદાની રૂએ) **...... વાદી**

**<u>–:: વિરુધ્ધ ::–</u>**

(૧) અરસીભાઇ અરજણભાઇ મોરી,
ધંધો.ખેતી, રહે.આલીદર,
(૨) કરશનભાઇ નારણભાઇ બારડ,
ધંધો.ખેતી, રહે.આ બોડીદર, તા.ગીર ગઢડા,
જી.ગીર સોમનાથ. **..... પ્રતિવાદી**

**દાવો :–રૂા. ૭,૧૯,૨૦૭.૪૨** પૈસા વસુલ મેળવવા બાબત.

---

વાદી તરફે : વિ. વ. શ્રી ડી.એલ.ગોસાઇ

પ્રતિવાદી તરફે : વિ. વ. શ્રી એ.પી.વાળા

---

**–:: ચૂ કા દો ::–**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની વીજ ઉત્પાદન અને વિતરણ કરતી કંપની છે, " તા.૨૧.૦૧.૨૦૧૪ ના રોજ અમો વાદી કંપનીના વીજ અધિકારીઓ કોડીનાર તાલુકાના મોજે આલીદર ગામે વીજ જોડાણ ચેકીંગમાં હતા ત્યારે આ કામના પ્રતિવાદી અમો વાદી કંપનીના કાયદેસરના ગ્રાહક ન હોવા છતાં આ કામના પ્રતિવાદીઓ તેઓની માલીકી કબજા ભોગવટાનાં રાબડાની પાછળના ભાગેથી પસાર થતી ભેટાળીના કાચા રોડના માર્ગેથી એલ.ટી. એ.બી.સી. લાઇન પસાર થાય છે. જે મોબાઇલ ટાવરના કનેકશનમાં જાય છે. તે પૈકીના છઠ્ઠા પોલે ડાયરેક વીજ જોડાણ કરી ૬૫ મીટર ટવીન સર્વિસ વાયર લંબાવી રાબડાના લોડ સાઇડના સ્વીચ બોર્ડમાં જોડાણ કરી ગેરકાયદેસર વીજ વપરાશ કરી ઇન્ડસ્ટ્રીયલ હેતુ માટે ૧૦.૧ કીલો વોટનો ગેરકાયદેસર વીજ વપરાશ કરતાં પકડાય ગયેલા. જેથી અધિકારીઓએ સ્થળ ઉપર રોજકામ તથા સ્થળ પંચરોજકામ, તપાસણી અહેવાલ, એનેક્ષચર–જ તૈયાર કરેલ અને જેમાં પ્રતિવાદી તથા પ્રતિનિધિને સહી કરવાનું કહેતા સ્થળ છોડી જતાં રહેલા અને સ્થળ પરથી ૧૫ મીટર મેઇન સ્વીચ સાથે થ્રી કાર ૧૦ મી.મી. ટુ કોર કેબલ તથા પીળા કલરની આશરે ૨૦ ટવીન સર્વિસ વાયર કબજે લીધેલ. ત્યારબાદ વાદી કંપનીના અધિકારીઓએ સ્થળ પર સહીઓ કરેલ. આમ ચેકીંગ દરમ્યાન તૈયાર કરેલ દસ્તાવેજી આધારો વાદી કંપનીના વીજ ચેકીંગ અધિકારીશ્રીઓએ અમો વાદીની ઓફિસે આપતા વાદી કંપનીના જવાબદાર અધિકારીએ તેમના સુપરવિઝન નીચે અને તેમની સુચના મુજબ થેફ્ટ કેલ્કયુલેશન શીટ તથા પાવર ચોરીનું બીલ તૈયાર કરેલ અને તા.૨૧.૦૧.૨૦૧૪ ના રોજ રૂા.૫,૮૬,૫૩૭–૪૨ પૈસા નું બીલ આ કામના પ્રતિવાદીને મોકલવામાં આવેલ. જે તેઓને મળી ગયેલ છે. પ્રતિવાદીએ સદરહું પાવર ચોરીની રકમ ભરવા અંગે કોઇ દરકાર નહી કરતાં કે તે અંગે કોઇ ખુલાસો નહી કરતાં અમો વાદી કંપનીએ હાલના પ્રતિવાદી વિરૂધ્ધ આ દાવો કરવાની ફરજ પડેલ છે. સદરહું દાવાની રકમ અમો વાદી કંપનીને વસુલ આપવા પ્રતિવાદી કાયદેસર જવાબદાર છે."

(૨) વાદીના દાવાના પ્રતિવાદીને આંક–૫ થી સમન્સ/નોટીસની ધોરણસર બજવણી કરવામાં આવેલ, પ્રતિવાદી તરફે તેમના વિ.વ.શ્રી આ કામે હાજર થયેલ છે અને દાવાનો જવાબ આંક–૦૭ થી વાંધા જવાબ રજુ કરેલ છે જેની ટૂંકમા હકીકત નીચે મુજબ છે.

પ્રતિવાદીએ પોતાના આંક–૦૭ ના વાંધા જવાબમાં મોટા ભાગની હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેમજ તેઓએ ખરી હકીકતે જણાવેલ છે કે, અમો પ્રતિવાદી ન. ૧ ના કોડીનાર તાલુકાના આલીદર ગામે રહીએ છીએ. અમારી સામે વાદી કંપનીનો દાવો કરનાર અધિકારીશ્રી કોડીનાર તાલુકના દેવળી (દેદા)ની ગામના મુળ વતની છે અને અમારી જ્ઞાતીના છે. કોડીનાર તાલુકામાં રાજકીય વર્ચસ્વ અમારી જ્ઞાતીના આગેવાન વર્તમાન શાસક પક્ષના માજી સાસદ સભ્યશ્રી અને માજી ધારાસભ્યશ્રી દિનુભાઈ સોલંકી તેમજ તેમના કુટુંબીઓનુ છે. તેઓ વાદી કંપનીના સ્થાનીક તેમજ ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપર વગ અને અસર ધરાવે છે અને તેઓ તેમના કોઈપણ જાતના ગેરકાયદેસરના કૃત્યો કરવા કોઈપણ નિર્દોષ લોકોને ટારગેટ બનાવે છે અને તે રીતે આ કામમા અમો પ્રતિવાદી ન.૧ ના ને ટારગેટ બનાવ અમારી ઉપર કહેવાતી વિજ ચોરીનો સદંતર ઉપજાવી કાઢેલ ફરીયાદના આધારે હાલનો ખોટો દાવો કરેલ છે. અમો પ્રતિવાદી ન.૧ ના એ કોડીનાર તાલુકના મોરવડ ગામના ખેડ ખાતા ન.૩ રે.સ.ન.૨૦૪ પૈકી ૩ હે.૨.૯૮,૪૮ની જમીન લાખીબેન અરજણભાઈ ચુડાસમા વિગેરે પાસેથી તા.૧૮–૧૦–૨૦૧૩ ના રોજ ખરીદ કરતા જે જમીન માજી સાંસદ શ્રી રવીભાઈ દિપુભાઈ સોલંકીએ તેમના માણસ રામભાઈ વાળા રે.કડવાસણના નામે ખરીદ કરવી હોય પરંતુ જે જમીન અમોએ ઉંચા ભાવ આપીને ખરીદ કરતા ઉપરોક્ત હકીકતે કહેવાતી વિજ ચોરીની ફરીયાદ કરીને ખોટો દાવો કરાવેલ છે.વાદીએ જે સ્થળનુ સ્થળ રોજકામ કરેલ છે તે અમારી માલીકી તેમજ કબજાનુ નથી કે અમારે આ સ્થળે કોઈ જ ગોળનો રાબડો ચાલતો નથી કે આ સ્થળે અમારા કોઈ જ તે અંગેના સાધનો નથી કે તે અંગેના ઈલેકટીક મોટર, ગળોના તાવડા કે વિજ ચોરીના વાયરો કે સાધનો નથી.અમોએ કોઇ જ વિજ ચોરી કરેલ નથીકે અમો કે અમારા પુનઃ મહેશ અરસીભાઈ મોરી આ સ્થળે હાજર હતા નહી. અમારા પુત્ર મહેશ અરસીભાઈ મોરી કહેવાતા કું. સ્થળ રોજકામનાં સમયે તેઓ જેટકો કંપનીમા ઈલેક્ટ્રીક આસીસ્ટન્ટ તરીકે તેમની ફરજ ઉપર હતા.વિજ ચોરીની હકીકત ધડી કાઢી ખોટા સ્થળ રોજકામ કરી અમોને તેમજ અમારા પુતને હેરાન કરવા વિજ ચોરીની ખોટી ફરીયાદ તેમજ ખોટો દાવો કરેલ છે.

(૩) ઉપરોકત હકીકતે દાવા કામે **આંક–૨૩** થી નીચે મુજબના મુદાઓ ઘડેલા છે.

**–: મુ દા :–**

(૧) શું વાદી તેની દાવા અરજીમાં જણાવેલી વિગત પુરવાર કરે છે ?

(૨) શું વાદી દાવામાં માંગેલી દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ અને હુકમનામું ?

(૪) ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદા નં.૧ – હકારમાં

મુદા નં.૨ – અંશત: હકારમાં,

મુદા નં.૩ – આખરી હુકમ મુજબ.

(૫) આ કામે વાદી તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે.

| **આંક** | **વિગત** |
|---|---|
| ૨૫ | વાદી જશુભાઇ ભીખાભાઇ બારડ નું સરતપાસનુ સોગંદનામુ |
| ૩૩ | પ્રતિ. નં. ૧ ને આપેલ નોટીસની સ્થળપ્રત તથા વિન્ડોસ્લીપ |
| ૩૪ | પ્રતિ.નં.૧ ને વકીલ મારફત આપેલ નોટીસ બજયાની પાવતી |
| ૩૫ | પ્રતિ. નં.૨ ને આપેલ નોટીસનું પરત આવેલ કવર |
| ૩૬ | પ્રતિ. નં. ૨ ને આપેલ નોટીસની સ્થળપ્રત તથા વિન્ડોસ્લીપ |
| ૩૭ | એનેક્ષર –૧૨ની સ્થળપ્રત ખરી નકલ |
| ૩૮ | પાવરચોરીના બીલની સ્થળપ્રત |
| ૩૯ | કેલ્કયુલેશનશીટ |
| ૪૦ | સ્થળપરનુ રોજકામ |
| ૪૧ | પંચરોજકામ |
| ૪૨ | તપાસણી અહેવાલ |
| ૪૩ | એનેક્ષર–૪ |
| ૪૪ | પ્રતિ. નં.૧ ના ખાતાના ૮–અ તથા ૭–૧૨ ની ખરી નકલ |
| ૪૫ | પોલીસ ફરિયાદનો પત્ર |
| ૪૬ | એફ.આઇ.આર. |
| ૪૭ | લેઝર શીટના ખાતાનો ઉતારો |
| ૪૮ | દાવો દાખલ કરવાનો એપ્રુવલ લેટર ઝેરોક્ષ |
| ૪૯ | વાદીને મળેલ અધિકાર અંગેના ઓપરેટીવ પાર્ટની ખરી નકલ |
| ૫૧ | કલોઝિંગ પુરસીસ |

(૬) આ કામે ઉપરોકત મુદાઓના નિર્ણય અંગેના મારા કારણો નીચે મુજબ છે.

## –: કા ર ણો :–

**મુદા નં.૧ થી ૩ :–**

આ તમામ મુદાઓ એક બીજા સાથે સંકળાયેલા હોય, અવાર નવાર

હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તમામ મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૭) કેસમાં રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરતા પહેલા એ હકીકત નોંધવી જરૂરી જણાય છે કેઆ કામના વાદીએ આંક-૨૫ થી મ્હે. કોડીનારના સીની. એડી. સીવીલ જજ સાહેબની કોર્ટમાં સરતપાસનું સોગંદનામુ રજુ કરેલુ બાદ સદર દાવો અત્રેની અદાલતમાં બીજી કોર્ટમાંથી આવતા નામ.કોર્ટ દવારા દાવાના બં ને પક્ષકારોને આંક-૨૬ તથા આંક-૨૮ થી નોટીસ કરવામાં આવેલી જે નોટીસ તારીખ ૧૧/૧૧/૨૫ ના રોજ ની બજી ગયેલ બાદ બંને પ્રતિવાદી દવારા આંક-૨૯ થી નામદાર કોર્ટમાં હાજર રહી મુદૃતની અરજી આપવામાં આવેલ જે નામદાર કોટે મંજુર કરેલ.

(૮) આ કામે વાદી જશુભાઇ ભીખાભાઇ બારડનાઓએ **આંક- ૨૫** સી.પી.સી. ૧૮ રૂલ-૪ મુજબ નું સોગંદનામું રજુ કરેલ છે તથા પોતાના સોગંદનામાના સમર્થનમાં **આંક- ૩૩** થી **આંક-૪૯** સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. પ્રતિવાદી તરફે હાજર રહી વાદીની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી અને તેમના દવારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાનુ કોઈ ખંડન કરવમાં આવેલ નથી. રેકર્ડ પરના દસ્તાવેજ ઘ્યાને લેતા તેમા આંક-૩૩ અને આંક-૩૬ થી નોટીસની સ્થળપ્રત તથા વિન્ડોસ્લીપ રજુ રાખેલ છે તેમજ આં ક-૩૪ થી નોટીસ બજયાની પાવતી તથા આંક-૩૫ થી પરત કવર રજુ રાખેલ છે. તેમજ આંક-૩૭ થી એનેક્ષર -૧૨ તથા આંક-૩૮પાવરચોરીનુ બીલ, આંક-૩૯ થી કેલ્કયુલેશનશીટ, આંક-૪૦ થી રોજકામ તથા આંક-૪૧ થી પંચરોજકામ તથા આંક-૪૨ તપાસણી અહેવાલ, આંક-૪૩ થી એનેક્ષર-૪, આંક-૪૪ થી પ્રતિ. નં .૧ ના ખાતાના ૮-અ તથા ૭-૧૨ ની ખરી નકલ રજુ રાખેલ છે. તેમજ આંક-૪૫ થી પોલીસ ફરિયાદનો પત્ર, આંક-૪૬ થી એફ.આઈ.આર. તથા આંક-૪૭ થી લેઝર શીટના ખાતાનો ઉતારાની નકલ, આંક-૪૮ થી દાવો દાખલ કરવાનો એપ્રુવલ લેટર તથા આંક-૪૯ થી ઓપરેટીવ પાર્ટની ખરી નકલ રજુ રાખેલ છે.

પ્રતિવાદી તરફે કોઇ હાજર રહેલ ન હોય ઉલટતપાસનો હકકબંધ કરવામાં આવેલ છે.

(૯) વાદી દવારા રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે પુરવાર થાય છે કે પ્રતિવાદી વાદી કંપનીના કાયદેસરના વીજ ગ્રાહક ન હોવા છતા તેઓએ તેમના  ગોળના રાબડામા બિન અધિકૃત રીતે વીજપ્રવાહ મેળવી વીજ ચોરી કરેલ અને વાદી કંપનીના વીજચેકીંગ દરમ્યાન તેઓ વીજ ચોરી કરતા પકડાઇ ગયેલ જેથી વાદી કંપની દવારા પ્રતિવાદીને નિયમોનુસારનું વીજચોરીનુ બીલ આપવામાં આવેલ અને તેમ છતા પ્રતિવાદીએ વીજ ચોરીના બીલની રકમ ભરપાઇ કરેલ નથી. આમ, વાદી કંપની તેમના દાવાની હકીકત પુરવાર કરવામાં સફળ રહેલ છે કે, પ્રતિવાદી પાસેથી દાવામાં માંગ્યા મુજબની વીજચોરીના બીલની રકમ બાકી લેણી નીકળે છે.

(૧૦) વાદી કંપનીના અધિકારીનનું સરતપાસનું સોગંદનામું આંક–૨૫ થી રજુ થયેલ છે પરંતુ પ્રતિવાદી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ ન હોય ઉલટતપાસનો હકકબંધ કરવામાં આવેલ છે.

(૧૧) વાદીના પુરાવા બાદ આ કામના પ્રતિવાદીને તેમનો પુરાવો રજુ કરવા માટે પુરતી તક આપવા છતા પ્રતિવાદીએ વાદીના પુરાવાથી વિરૂધ્ધનો કોઇ પુરાવો આપેલ નથી કે કોઇ સરતપાસ સોગંદનામુ રજુ કરેલ નથી. પ્રતિવાદી દવારા વાદીના પુરાવાને ખંડન કરતો કોઇ પુરાવો આપવામાં આવેલ નથી. આમ, જયારે પ્રતિવાદીએ તેના જવાબના સમર્થનમાં કોઇ પુરાવો આપેલ ન હોય ત્યારે અનુમાન પ્રતિવાદીની વિરૂધ્ધમાં કરવાનું રહે છે.

(૧૨) આ કામે વાદી ના દાવાની હકીકતો તથા વાદી તરફે રજુ સમગ્ર પુરાવો ધ્યાને લેતા, પ્રતિવાદીએ પાવર ચોરી કરતા વીજ ચેકીંગ દરમ્યાન મળી આવેલ અને તેથી પ્રતિવાદીને વીજ ચોરીનુ બીલ આપવામાં આવેલ અને જે વીજચોરીનું બીલ પ્રતિવાદીને મળી ગયેલ હોવા છતા પ્રતિવાદી દવારા વીજચોરીના બીલની રકમ ભરપાઇ કરી આપેલ નથી. જેથી વાદી તમામ સંજોગો માં વાદી લેણી રકમ તથા તેના ઉપર પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હકદાર થાય છે. વાદીએ દાવાવાળી રકમ ઉપર દાવા તારીખ થી તે વસુલ થતા સુધી ૨૪% ના વ્યાજ ની માંગણી કરેલ છે, જયારે વ્યાજ ની બાબત માં ના.સુપ્રીમ કોર્ટ જુદા જુદા ચુકાદાઓ પ્રસ્તાપિત કરેલ સિધ્ધાંતો તથા વર્તમાન વ્યાજ નો દરો ધ્યાને લેતા,વાદી ને દાવા

અરજી થી મુદલ રકમ ઉપર વાર્ષીક ૬% લેખે સાદુ વ્યાજ આપવાનુ વ્યાજબી અને ન્યાયી જણાય છે. આમ તમામ સંજોગો મા વાદી પક્ષે રજુ કરેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા તેમજ વાદી પક્ષ ની રજુઆત ધ્યાને લેતા મુદા ન.૧ નો નિર્ણય હકારમાં ઠરાવી મુદા નં. ૨ નો નિર્ણય અંશત: હકારમાં ઠરાવી મુદા નં.૩ લગત નીચે મુજબ હુકમ ફરમાવુ છુ.

**–:: આખરી હુકમ ::–**

(૧) વાદીનો દાવો આથી અંશત: "મંજુર" કરવામાં આવે છે.

(૨) આ કામનાં વાદી કંપની આ કામના પ્રતિવાદી પાસેથી દાવાવાળી રકમ **રૂા.૫,૮૬,૫૩૭.૪૨ (પાંચ લાખ છયાંસી હજાર પાંચસો સાડત્રીસ રૂપિયા અને બેતાળીસ પૈસા)** દાવા ની તારીખથી તે રકમ વસુલ થતા સુધી મુદ્ધલ રકમ ઉપર વાર્ષિક **૬%** લેખે સાદુ વ્યાજ સહીત પ્રતિવાદીની જાત અને હરેક પ્રકારની મિલ્કતથી વસુલ મેળવવા હકકદાર છે, આથી પ્રતિવાદીએ વાદી કંપનીને આ મુજબની રકમ ચુકવી આપવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીએ વાદીને ચુકવી આપવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા. ૨૮ , માહે : એપ્રીલ , સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

Place : Kodinar
Dated: 28/04/2026

(Sajjadhusen Sagirkhan Pathan)
Principal Senior Civil & Addi.
Chief Judicial Magistrate,
Kodinar, Judge Code: GJ 01273